જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૪/૨/૨૦૧૫ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

<u>શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-</u> <u>સમાચાર યાદી નં.૨૪૩/૧૫</u>

## મોટર સાયકલના મુદ્દામાલ સાથે એક આરોપીની ધરપકડ કરી ચોરીનો ગુનો ડીટેક્ટ કરતી અમદાવાદ શહેર એસઓજી ક્રાઇમબ્રાન્ચ

નાયબ પોલીસ કમિશ્નર શ્રી હિમાંશુ શુકલા ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમીશનર શ્રી બી.સી.સોલંકી, એસઓજી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા પોલીસ ઇન્સપેકટર શ્રી બી.ડી.જાડેજા એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓએ મીલકત સંબધી બનેલ ગુના શોધી કાઢવા તેમજ નાસતા ફરતા આરોપીઓને પકડવા આપેલ સુચના મુજબ અમદાવાદ શહેર વિસ્તારમાં પોસઇ શ્રી સી.બી.ગામીત નાઓની ટીમ પેટ્રોલીંગમાં હતી. દરમ્યાન પેટ્રોલીંગ ફરતા ફરતા વિશાલા સર્કલ પાસે આવતા સાથેના પો.કો. સમીરસિંહ પ્રતાપસિંહ તથા પો.કો.વિક્રમસિંહ જીલુભા નાઓએ આપેલ બાતમી હકીકત આધારે ફિરોજ ઉર્ફે અલ્લો ઉસ્માનભાઇ શેખ ઉવ.૨૮ રહે, બ્લોક નં.૭૫, રૂમ નં.૨૩૯૬, સદરભાવના નગર, અંબિકા ટ્યુબવેલ પાસે, વટવા, અમદાવાદ શહેર નાનો હીરો હોન્ડા સ્પેલન્ડર મો.સા. સાથે મળી આવેલ. સદરી ઇસમને મો.સા. બાબતે પુછતાં આજથી બે દિવસ પહેલા વાસણા લાવણ્ય એપાર્ટમેન્ટ ના બી બ્લોક ના એક મકાન આગળથી ચોરેલાનું જણાવેલ. જે મો.સા. નો આગળ પાછળ આર.ટીઓ. નંબર GJ 01 FL 26 નો લખેલાનું જણાયેલ છે. જેથી સદરી મો.સા. બાબતે તપાસ કરતાં વેજલપુર પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૧૪/૧૫ ધી ઇપીકો કલમ ૩૭૯ મુજબનો ગુનો નોંધાયેલ હોઇ સદરહું આરોપીને આજરોજ તા.૦૩/૦૨/૧૫ ના કલાક ૧૮/૦૦ વાગે સીઆરપીસી કલમ ૪૧(૧) એ મુજબ અટક કરવામાં આવેલ. સદરહું હીરો હોન્ડા સ્પેલન્ડર બાઇક કિ.રૂ.૨૦,૦૦૦/- ની ગણી સીઆરપીસી કલમ ૧૦૨ મુજબ પંચનામાં વિગતે તપાસ અર્થે કબ્જે કરેલ છે. વધુ તપાસ અર્થે આરોપી તથા કાગળો વેજલપુર પોલીસ સ્ટેશન મોકલી આપવા તજવીજ કરવામાં આવેલ છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.